

ભારતના મહામહીમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ તથા તેમનો પરિવાર ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી પહોંચતા ભાવભીનું સ્વાગત કરાયું હતું. મુલાકાતના પ્રથમ દિવસે આજે કચ્છના ધોરડોના સફેદ રણની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિએ અદ્‌ભુત પ્રાકૃતિક નજારાને નિહાળતા ધન્યતા અનુભવતી હતી. સાથો સાથ મોડી સાંજે રણોત્સવના પરંપરાગત સ્ટોલ્સની મુલાકાત લઈ ગુજરાતની સંસ્કૃતિની અસલ ઓળખ મેળવી હતી. રણોત્સવમાં તેમની સાથે પ્રવાસન મંત્રી ગણપતભાઈ વસાવા અને પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસ. જે. હેદર જોડાયા હતા.

શ્રી ગોઝારિયા કેળવણી મંડળનો અષ્ટ દશાબ્દી મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટ મત વ્યકત કર્યો છે કે, કોઇ પણ રાષ્ટ્ર-રાજ્યનો વિકાસ શિક્ષણ વિના શકય નથી. આજના હરિફાઇ-સ્પર્ધાના યુગમાં હરેક ક્ષેત્રે શિક્ષણની આવશ્યકતા છે ત્યારે યુવાશકિત શિક્ષણ દ્વારા સ્વાવલંબનથી સમાજ-રાષ્ટ્ર-રાજ્યના સર્વગ્રાહી ઉત્કર્ષમાં સહભાગી બને તે સમયની માંગ છે. મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતીમાં મહેસાણા જિલ્લાના ગોઝારિયામાં ગોઝારિયા કેળવણી મંડળના અષ્ટ દશાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

ગોઝારીયા કેળવણી મંડળ છેલ્લા ૮૦ વર્ષથી શિક્ષણની જ્યોત જલાવી રહી છે. શ્રી ગોઝારિયા કેળવણી મંડળ દ્વારા ૮૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે અષ્ટ દશાબ્દી મહોત્સવ યોજાઇ રહ્યો છે. વિવિધ શૈક્ષણિક એકમોની માતૃ સંસ્થાએ તેના વિકાસના ૮૦ વર્ષ પુર્ણ કર્યા છે તે અંતર્ગત અષ્ટ દશાબ્દી મહોત્સવનો પ્રારંભ વિજયભાઇ રૂપાણીના હસ્તે કરાયો હતો.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે ગોઝારીયા ખાતે અનેકવિધ સામાજિક, શૈક્ષણિક એકમો શરૂ કરી સરસ્વતીની સરવાણી આ મંડળે વહેતી કરી છે. સંસ્થામાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ યુવાનો પોતાના સમાજ માટે આ પ્રકારે યોગદાન આપે તે માટે અનુરોધ કરતાં તેમણે ઉમેર્યુ કે ગોઝારીયા કેળવણી મંડળમાં દાતાઓ જે દાન આપ્યું છે તે સમગ્ર ગુજરાત માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે ગોઝારીયા કેળવણી મંડળ દ્વારા વર્ષોથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ થઇ રહી છે. શિક્ષણની જ્યોત જલાવી કેળવણી મંડળ આસપાસના વિસ્તારો માટે શિક્ષણનું ધામ બની છે. રાજ્ય સરકારે શિક્ષણની સતત ચિંતા કરી છે. ગુણોત્સવ, કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ સહિતના કાર્યક્રમો થકી શિક્ષણમાં વિશેષ કામ થઇ રહ્યું છે. કાર્યક્રમમાં સાંસદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ શિક્ષણ ક્ષેત્રે મળી રહી તે માટે સરકાર અગ્રતાપુર્ણ કામ કરી રહી છે.

મધુરાઈ ખાતે જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન જાયન્ટસ ઈન્ટરનેશનલનું વાર્ષિક અધિવેશન યોજાયું

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં વિવિધ સેવાભાવી પ્રવૃત્તિ અને સામાજીક

સંસ્થા તરીકે ઓળખાતી જાયન્ટસ ગૃપની મધુરાઇ ખાતે જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન જાયન્ટસ ઈન્ટરનેશનલનું ૪૪મુ વાર્ષિક અધિવેશન યોજાયું.

આંતરરાષ્ટ્રીય સેવાકિય સંસ્થા જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન જાયન્ટસ ઈન્ટરનેશનલ નું ૪૪મું વાર્ષિક અધિવેશન ૨૧ થી ૨૩ ત્રણ દિવસ દરમિયાન મધુરાઇ ખાતે શ્રીમતી સાઇના એન.સી. વર્લ્ડ ચેરપર્સનના અધ્યક્ષસ્થાને યોજાયું હતું જેમાં જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફે-૩-ને પાંચ એવોર્ડ પ્રાપ્ત થયા છે જેમાં બેસ્ટ બ્લડ ડોનેશન ૩૦૬૫ બોટલ કલોલ મેઇનને તથા બેસ્ટ સાહેલી મેમ્બર ગ્રોથ કલોલ સાહેલીને તથા પાસ્ટ પ્રેસીન્ડેન્ટ ફોરમ જાયન્ટસ ગૃપ પ્રાંતિજ ગોલ્ડને બેસ્ટ ચક્ષુદાન-૧૬ જોડી જાયન્ટસ ગૃપ પ્રાંતિજને અને સ્પેશ્યલ એપ્રિસી એન મોમેન્ટો એવોર્ડ જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન પ્રમુખ વ્રજેશભાઇ ભાવસારને જેમાં ભારત ભરનાં ફેડરેશન માંથી તેમને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

પ્રાંતિજના સોનાસણ ખાતે પત્નીને માર મારી દહેજની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સોનાસણ ગામે પત્નીને માર મારી દહેજની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પત્ની દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં પતિ સહિત છ વિરૂધ્ધ પોલિસ ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સોનાસણ ખાતે રહેતી પરણિતા આશાબેન નરેશજી ધુળાજી મકવાણા કે જેવોના પતિ નરેશજી ધુળાજી મકવાણા સસરા ધુળાજી ઉમેદજી મકવાણા, સાસુ સુખીબેન ધુળાજી મકવાણા, જેઠ લાલાજી ધુળાજી મકવાણા, જેઠાણી ઉર્મીલાબેન લાલાજી મકવાણા તથા કાકા સસરા ઈશ્વરજી ઉમેદજી મકવાણા દ્વારા ફરીયાદી બેનને સંતાન ના હોય અવાર-નવાર મેણા ટોણા મારી તેમજ શારીરીક માનસિક ત્રાસઆપી તેમજ મહિલાના પતિ નરેશજી ધૂળાજી મકવાણા દ્વારા દહેજની માંગણી કરી ગાળો બોલી તેમજ પતિ સસરા સાસુ દ્વારા ફરીયાદી બહેનને ગડદા પાટુનો માર મારી પતિ દ્વારા લાકડી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી એક બીજાની મદદ કરતા પ્રાંતિજ પોલિસે પત્નીની ફરીયાદને લઈને આઈપીસી કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) ૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫ તથા દહેજ ધારા કલમ-૩,૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલિસ કોન્સ્ટેબલ પ્રણવભાઇ ગોરધનભાઇ દ્વારા હાથ ધરવામાં આવી છે.

ખેડબ્રહ્મા શહેરની શ્રી સ્ટેશન પ્રાથમિક શાળામાં સ્વેટરનું વિતરણ કરાયુ

મેધ ગામના વતની હરેશકુમાર નાથાભાઈ પરમાર તથા પત્ની રશ્મિકા ડુંગરભાઈ પરમાર હાલ નરોડા દ્વારા ધોરણ એકથી આઠના બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે ઉપસ્થિત દાતા તેમજ મહેમાનોને મોમેન્ટ આપી સન્માન કર્યું હતું. સ્વેટરનું વિતરણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મનહરભાઈ પટેલ, બીઆરસી પિયુષભાઈ જોષી, મનહરભાઈ પટેલે તથા આચાર્ય સુરેશભાઈ પટેલે દાતા પરિવારને સ્ટેશન શાળામાં દાન અપાવવા બદલ શાળાના શિક્ષિકા તેલાંગનાબેન તથા ધીરુભાઈ પરમારનો તથા દાતા રશ્મિકાબેન તથા હરેશકુમારના પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

પાલનપુરના કાણોદરમાં નકલી નોટોના આરોપીઓના રિમાન્ડ કોર્ટે નામંજુર કર્યા

પાલનપુર તાલુકાના કાણોદરની એક ઝેરોક્ષ સેન્ટરમાં નકલી ચલણી નોટો બનાવવાના કારસ્તાનનો તાલુકા પોલીસે પર્દાફાસ કર્યો હતો. જેની આગળની તપાસ એસઓજીને સોંપવામાં આવી છે. દરમિયાન ત્રણેય આરોપીઓને પાલનપુરની કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા. ન્યાયાધીશે રિમાન્ડની અરજી નામંજુર કરતાં તપાસકર્તા અધિકારીએ રિમાન્ડ માટે ઉપલી કોર્ટમાં અરજી કરી છે. પાલનપુર તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે અનામ પોલીસ કોન્સ્ટેબલ વિનોદભાઈને મળેલી બાતમીના આધારે મંગળવારે રાત્રે કાણોદર ખાતે ચિસ્તીયા મોબાઈલ ઝેરોક્ષ સેન્ટર પાસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન મુળ વડગામ તાલુકાના ચંગવાડાના અને હાલ સિધ્ધપુર તાલુકાના મામવાડા ગામના સેધાભાઈ કેશરભાઈ જુઆ પોતાની પાસે રહેલી રૂપિયા ૨૦૦૦ની નકલી નોટો લઈને ત્યાં આવ્યા હતા. અને પાલનપુર તાલુકાના વાસણા (જ)ના ગલબાભાઈ રામજીભાઈ જુડાલને વેચાતી આપતા હતા તે વખતે રંગેહાથ ઝડપી લીધા હતા. દરમિયાન તેમની અંગ ઝડતી લેવામાં આવતાં ખિસ્સામાંથી રૂપિયા ૨૦૦૦ના દરની ૧૧ નકલી નોટો મળી આવી હતી. જેમની પુછતાછ કરતાં આ નકલી નોટો ચિસ્તીયા મોબાઈલ ઝેરોક્ષ સેન્ટરમાં છપાતી હોવાનું જાણવા મળતાં ઝેરોક્ષ સેન્ટરમાંથી નકલી નોટો છાપનારા મુખ્ય સુત્રધાર કાણોદર ઈન્દિરાનગરમાં રહેતો સુલતાનઅલી હસનભાઈ કુગશીયાને ઝડપી લેવાયો હતો. ત્રણેય શખ્સો વિરૂધ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે ગૂનો નોંધી વધુ તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી.

ખેડબ્રહ્મા શેઠ કે.ટી. હાઇસ્કુલમાં ગુજરાત રાજ્યનો ૫૧મો યુવા મહોત્સવ સંપૂર્ણ

ગુજરાત રાજ્યનો ૫૧મો યુવા મહોત્સવ ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં યોજાયો હતો. આ યુવા મહોત્સવમાં રાજ્યના ૪૯૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રામની શરૂઆત ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી, મામલતદાર જી.ડી. ગમાર, તાલુકા કેળવણી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ જોશીની અધ્યક્ષસ્થાને ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. યુવા મહોત્સવમાં ભાગ લીધેલા સ્પર્ધકોએ જુદી જુદી ૪૨ કૃતિઓમાં ભાગ લીધો હતો. શાળા સંકુલ રાજ્યના જુદાજુદા પ્રદેશના લોકનૃત્યોથી થનગની ઉઠયુ હતું. સમગ્ર કાર્યક્રામનું આયોજન રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર, જીલા રમતગમત અધિકારી સાબરકાંઠા અને ખેડબ્રહ્મા કેળવણી મંડળના સહયોગથી સંપુર્ણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સ્ટાફ મીત્રો આચાર્ય કપિલભાઈ ઉપાધ્યાય અને જયેદ્રસિંહ સોલંકીએ કર્યું હતું. આ કાર્યક્રમ જોવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કંપની સમાચાર

દેશનું મેડિકલ ટુરીઝમ ૨૦૨૦ સુધી ૯ અબજ ડોલરે પહોંચશે

અમદાવાદ, તા. ૨૯

પાકિસ્તાન, અમેરિકા, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ સહિતના દેશોમાંથી વિદેશી નાગરિકોને ઓછા ખર્ચે અસરકારક અને પરિણામલક્ષી મેડિકલ હેલ્થકેર અને સુવિધા અહીં પ્રાપ્ત બનવાના કારણે હવે ભારત પણ લોકપ્રિય મેડિકલ ટુરીઝમ ડેસ્ટિનેશન તરીકે ઊભરી આવ્યું છે.

દિનપ્રતિદિન ભારતની વધતી જતી લોકપ્રિયતા અને મેડિકલ ટુરીઝમને લઈ કેન્દ્ર સરકાર અને રાજય સરકારની પ્રોત્સાહક નીતિઓને લઈ આગામી ૨૦૨૦ સુધીમાં મેડિકલ ટુરીઝમ ચાર બિલિયન અમેરિકી ડોલરથી વધીને આઠથી નવ બિલિયન સુધી પહોંચવાની શક્યતા છે. આ સંજોગોમાં ગ્લોબલ ટ્રાવેલ એજન્ટ એસોસીએશનને પણ આગામી વાયબ્રન્ટ ગુજરાતમાં ગુજરાત સરકાર સાથે મેડિકલ ટુરીઝમને લઈ વિદેશી નાગરિકો અને પર્યટકોને વિશેષ પેકેજ અને ઓફરો આપવામાં આવશે એમ અત્રે ગ્લોબલ ટ્રાવેલ એજન્ટ એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ શાહ અને ઉપપ્રમુખ તેજશ મહેતાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૯માં ગ્લોબલ ટ્રાવેલ એજન્ટ એસોસીએશન એક સકારાત્મક અભિગમ સાથે ભૂમિકા અદા કરવા માટે તત્પર છે. ખાસ કરીને વિદેશથી ભારતમાં ગુજરાત સહિતના વિવિધ મેડિકલ ટુરીઝમની સુવિધાવાળા રાજયોમાં સારવાર અર્થે આવતા નાગરિકોને હોટેલ, ટ્રાવેલીંગથી માંડી અનેકવિધ સુવિધાઓ આપવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

એમએસએમઈ માટેના મહત્વપૂર્ણ પ્લેટફોર્મ એન્જી. એકસ્પોની ચોથી આવૃત્તિ પાંચમીએ યોજાશે

ભારત સરકારની 'મેક ઇન ઇન્ડિયા', 'ઇન્ડિયા ફર્સ્ટ', 'ડિજિટલ ઇન્ડિયા' અને 'બ્રાન્ડ ઇન્ડિયા' પહેલમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા તથા દેશની ઇન્ડસ્ટ્રીને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ વિશાળ તકો હાંસલ કરવામાં તથા તેમની ક્ષમતાઓ વિસ્તારવામાં મદદરૂપ બનવાના ઉદ્દેશ્ય સાથે આગામી ૫, ૬ અને ૭ જાન્યુારી, ૨૦૧૯ના રોજ શહેરના એઇએસ ગ્રાઉન્ડ ખાતે ત્રણ દિવસીય એન્જી એક્સપોની ચોથી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈન્ડોનેશિયા, બ્રાઝિલ અને ચાઈનાની કંપની જોડાવાની છે.

આ અંગે અંબાલાલભાઈએ જણાવ્યું હતું કે, 'અમે પ્રદર્શકો અને સહભાગીઓ માટે બ્રાન્ડ વેલ્યુ તૈયાર કરવામાં, પ્રોડક્ટ માર્કેટને સપોર્ટ કરવામાં તથા ઉદ્યોગોની સ્પર્ધાત્મકતામાં વધારો કરવામાં વિશ્વાસ ધરાવીએ છીએ. આ એક્ઝિબિશનમાં દેશભરની કંપનીઓ ભાગ લેશે તથા તે વિવિધ એમએસએમઈને તેમની ક્ષમતાઓ પ્રદર્શિત કરવામાં તથા નવીન તકો હાંસલ કરવા માટે મજબૂત પ્લેટફોર્મ પુરૂ પાડે છે. આ ઉપરાંત પ્રદર્શકોની પ્રોડક્ટ્સનું રેકોર્ડિંગ કરીને તેને વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર રજૂ કરવામાં આવશે, જેથી તેઓ પ્રોડક્ટ્સની પહોંચને વિશાળ સમુદાય સુધી પહોંચાડવા માટે સક્ષમ બનશે. સ્ટાર્ટઅપના પણ ૧૦ સ્ટોરના આમા રખાયા છે.

એન્જી એક્સ્પોની ચોથી આવૃત્તિમાં મુખ્યત્વે પ્લાસ્ટિક, રબર, વેલ્ડીંગ, કટીંગ, પ્રિન્ટિંગ, વેઈંગ, પેકેજીંગ, ઈલેકટ્રિકલ, પાવર ટુલ, ઓટોમેશન, ઈલેક્ટ્રોનિક્સ, મશીન ટુલ્સ, વુડ વર્કિંગ, કન્સ્ટ્રક્શન, સોલર ઈક્વિપમેન્ટ્સ, મટિરિયલ હેન્ડલિંગ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી સહિતના અત્યંત મહત્વપૂર્ણ ઉદ્યોગોને આવરી લેવાયા છે.

મોટો તફાવત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળકોની સંખ્યામાં લઈ વિસંગતતા આવી છે તેથી લોકોમાં તે મુદ્દો ચર્ચાનો બન્યો છે. શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ શરૂ થયાને એક મહિના જેટલો સમય થયો છે અને ઓગષ્ટ સપ્ટેમ્બર દરમ્યાન જ આ સર્વેની કામગીરીને લઈ અંદાજો તૈયાર કરાયા છે જ્યારે સર્વ શિક્ષા અભિયાન દ્વારા તાજેતરમાં આ સપ્તાહ દરમ્યાન જ સર્વે થયો છે. જે નોંધનીય છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્યતંત્ર દ્વારા દરેક પી.એચ.સી. વાઈઝ આવા બાળકોની સંખ્યાની વિગતો છે જ્યારે સર્વ શિક્ષા પાસે દરેક ગામ વાઈઝ આ સંખ્યા છે. અત્યારે તો બન્ને તંત્ર તેમની વિગતો સાચી છે તેવો દાવો કરી રહ્યા છે પણ "દાલ મેં કુછ કાલા હૈ" એવું લોકો કહી રહ્યા છે.

ત્રીજા દિવસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસાહતીઓ ઘરની બહાર નીકળવાની પણ હિંમત કરી શકતા નથી. ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબો અને વંચિતોની હાલત ચિંતાજનક બની રહી છે. તાપણુ સળગાવી તેઓ યેનકેન પ્રકારે ઠંડીને દૂર રાખવાના પ્રયાસો કરી રહ્યાં છે. મહત્તમ તાપમાન પણ સતત ઘટતુ રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૨૪.૪ ડિ.સે. નોંધાતા દિવસ પણ ખૂબ જ ઠંડી અનુભવાઈ હતી. ઠંડા પવનો કાતિલ બન્યા છે.

ઠંડીએ પાછલા ચાર-પાંચ વર્ષના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. ગરમ વસ્ત્રોની ખરીદીમાં અચાનક જ તેજી આવી ગઈ છે. ઘ-૫ અને સેક્ટર-૬ના મેદાનમાં શરૂ થયેલા તિબેટીયન માર્કેટમાં ખૂબ ભીડ જોવા મળી રહી છે. હવામાન વિભાગે કહ્યુ છે કે હજુ તો આ શરૂઆત છે. આગામી દિવસો વધુ કઠીન બનશે. હાલમાં સર્જાયેલી હવામાનની પરિસ્થિતિ જોતા આગામી દસેક દિવસ સુધી ઠંડીમાં રાહત મળવાના કોઈ સંકેતો નથી. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન હજુ ઘડી શકે છે અને પારો ૫ ડિ.સે. ની આસપાસ પણ પહોંચી શકે છે.

વેરા વસુલાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવી છે. શહેરમાં પાણી ગટરની સેવા પુરી પાડવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમછતા પાણીગટરના જોડાણકર્તાઓ વેરાની રકમ ચુકવવામાં પણ વિલંબ કરે છે. જ્યારે કેટલાક કિસ્સામાં લાંબા સમયથી વેરો ચુકવાયો ન હોય તેવા જોડાણકર્તાઓની સંખ્યા પણ વધુ છે. આવા સંજોગોમાં પાણી ગટર વેરાની વસુલાતનુ કામ કપરુ બન્યુ છે. દરવર્ષની જેમ આગામી માર્ચ મહીનામાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવા માટે પણ તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી મહીનામાં પાણી ગટર વેરાની બીલની વહેંચણીનુ કામ પણ શરૂ કરી દેવાશે. જયારે માર્ચ મહીનામાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાશે. જુના અને નવા સેકટરોમાં અંદાજિત રૂ ૩.૫૦ કરોડ જેટલુ માંગણુ વસુલવા માટે ઝુંબેશ હાથ ધરાશે.

સાઈટ સીલ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીથી ભરેલ પાત્રો, બેઝમેન્ટ વગેરે જગ્યાએ થતા પાણીના ભરાવાને કારણે મચ્છરની ઉત્પત્તિ વધારે પ્રમાણમાં થાય છે. આવી જગ્યાએ સતત અઠવાડિયામાં ૨ દિવસ બળેલા ઓઈલનો છંટકાવ કરવો જોઈએ અને આ કામગીરી જે સાઈટના માલિક કે કોન્ટ્રાકટરની હોય છે.

જિલ્લામાં આવેલ કન્સ્ટ્રકશન સાઈટ અને આરોગ્ય કર્મચારી દ્વારા ત્રણ વખત નોટીસ આપવા છતાં પોરા જોવા મળશે તો કન્સ્ટ્રકશન સાઈટ સિલ કરવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ માટે જિલ્લા કલેકટરશ્રીએ પણ તંત્રને કડક સૂચના આરોગ્યતંત્રની બેઠકમાં આપી છે અને તેનો અમલ કરાશે.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ સેનાની ૪૪ રાષ્ટ્રીય રાઈફલ, કેન્દ્રિય રિઝર્વ પોલીસની ૧૮૩ બટાલિયન અને જમ્મુ કાશ્મીરમાં એસઓજીની ટીમે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધર્યુ હતુ. આ ગાળા દરમિયાન અહીંના હાજીપાઈન વિસ્તારમાં મકાનમાં છુપાયેલા ત્રાસવાદીઓએ કાર્યવાહી હાથ ધરી હતી. ત્રાસવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ત્રાસવાદીઓને એક મકાનમાં ઘેરી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ સામ સામે ગોળીબારની રમઝટ જામી હતી. આ કાર્યવાહી દરમિયાન ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. લાંબા સમય સુધી અથડામણ બાદ ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. કાશ્મીર ખીણમાં સેનાની કાર્યવાહી પહેલા જમ્મુ વિસ્તારમાં સાંબા જિલ્લામાં જમીનની નીચે છુપાયેલા ઘાતક હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો. સાંબા જિલ્લામાં સેનાના ઓપરેશનમાં મોટી સંખ્યામાં હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં હાલના વર્ષોમાં એક પછી એક મોટી સફળતા મળી રહી છે. પુલવામાં વિસ્તારમાં ત્રાસવાદીઓ હજુ પણ મોટા પાયે સક્રિય થયેલા છે. તેમની સામે વારંવાર ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યા છે. કાશ્મીર ખીણમાં સેનાની કાર્યવાહી ઉપરાંત છેલ્લા કેટલાક દિવસથી તપાસનો દોર પણ ચાલી રહ્યો છે. સેનાના ઓપરેશન દરમિયાન સવારે આઠ વાગ્યાની આસપાસ ચારેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સુરક્ષા સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે દક્ષિણ કાશ્મીરના ત્રાલ વિસ્તારમાં ત્રાસવાદી જાકીર મુસાની ગેંગના છ સભ્યોનો ખાતમો કરવામાં આવ્યા બાદ આ ટોળકી હવે ખતમ થવાના આરે પહોંચી ગઈ છે. આ ટોળકી હવે ખુબ નબળી પડી ગઈ છે. પોલીસે દાવો કર્યો છે કે આ ગેંગના હવે ચાર કુખ્યાત ત્રાસવાદીઓ જ બચી ગયા છે. બાકીના ત્રાસવાદીઓનો ખાતમો થઈ ગયો છે. મુસા જુથ એક ગેંગની જેમ કામ કરે છે. જેને કોઈ સંગઠનનુ સમર્થન નથી. જાકીર મુસા પહેલા હિઢબુલના ત્રાસવાદી તરીકે હતો.

નામ લીધું

● અનુસંધાન પહેલાનું ચાલુ

નામનો ઉલ્લેખ કર્યો છે. હાલમાં આ સંદર્ભમાં વિગત આપવામાં આવશે નહીં. ઈટાલીના મહિલાના પુત્રનો પણ ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે તેઓ દેશના આગામી વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. ઈડીએ પટીયાલા હાઉસ કોર્ટને માહિતી આપતા કહ્યું છે કે મિશેલે આવી માહિતી પણ આપી છે કે કઈ રીતે ડિલમાંથી એચએએલને બહાલ કરવામાં આવી હતી અને તેની જગ્યાએ તાતાને લાવવામાં આવી હતી. ઈડીએ કોર્ટને કેટલીક અન્ય માહિતી પણ આપી છે. ઈડીએ કોર્ટ સમક્ષ એવી માંગણી પણ કર છે કે તેમના વકીલને મિશેલને મળવાની મંજુરી આપવામાં ન આવે કારણ કે તેને બહાર ઘણી બધી બાબતો શીખવાડવામાં આવી રહી છે. આના ઉપર તેના વકીલ એલજોકે જોસેફે કોર્ટમાં કબુલાત કરી હતી કે મિશેલે તેમને કેટલાક પેપર આપ્યા હતા પરંતુ આ ઈડીની ભુલ છે કે આવું કેમ કરવા દીધું છે. મિશેલ દ્વારા કથિત રીતે સોનિયા ગાંધીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યા બાદ આને લઈને આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. સરકારી એજન્સીઓ પર એક પરિવારના નામનો ઉલ્લેખ કરવા દબાણ લાવવામાં આવી રહ્યું છે. દરમિયાન, કોર્ટે મિશેલને સાત દિવસ માટે ઈડીની કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો હતો. ઈડીએ કોર્ટ પાસેથી આઠ દિવસની કસ્ટડીની માંગ કરી હતી. જેની સામે આ સાત દિવસની કસ્ટડી મંજુરી કરવામાં આવી છે. ઈડીએ કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે મિશેલ અને બીજા લોકો વચ્ચે થયેલી વાતચીતમાં એક મોટી વ્યક્તિનો ઉલ્લેખ કરાયો છે.